RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 216* Date: 03.06.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સીઆઈઆઈની એજીએમના સંબોધનમાં મોદીએ ઉદ્યોગજગતને ખાતરી આપી

## આત્મનિર્ભર ભારતથી વિકાસ ચોક્કસ પરત આવશેઃ મોદી

ન્યુ દિલ્હી,તા.ર

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના મહત્વના ઉદ્યોગ સંગઠન સીઆઈઆઈ- CIIની વાર્ષિક સામાન્ય સભાને કરેલા સંબોધનમાં કોરોનાને પગલે દેશના અર્થતંત્રની ગતિ ધીમી પડી હોવાનું જણાવીને આત્મવિશ્વાસ સાથે એવી પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી કે, આજે દેશનું સૌથી મોટું સત્ય એ છે કે ભારતે લોકડાઉન છોડી દીધું છે અને અનલોક ફેઝ-૧માં પ્રવેશ કર્યો છે. અર્તતંત્રનો મોટો ભાગ આ તબક્કે ખૂલી ગયો છે.. આઠ દિવસ પછી અર્થતંત્રનો બીજો મોટો ભાગ ખુલશે ત્યારે દેશની અર્થવ્યવસ્થામાં ચોક્કસ ગતિ આવશે, વિકાસ પાછો આવશે, ભારત ફરીથી આર્થિકક્ષેત્રે અગ્રેસર હશે. કેમ કે આપણે ભારતને આત્મનિર્ભર બનાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે. તેથી દરેક ક્ષેત્રના વિગતવાર અભ્યાસ સાથે આવો, આપણે સાથે મળીને એક આત્મનિર્ભર ભારત બનાવીશું. આ સંકલ્પને પૂરો કરવા જોર લગાડો, સરકાર તમારી સાથે છે. તમે સફળ થશો, જો આપણે સફળ થઈશું, તો દેશ નવી ઉચાઈએ પહોંચશે. સરકાર પર વિશ્વાસ રાખો, એમ પણણ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન મોદીએ આ પ્રસંગે અર્થતંત્ર માટે ફાઈવ 'આઈ', ઈન્ટેન્ટ, ઈક્ૃલુઝન, ઈન્વેસ્ટમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈનોવેશનનો મંત્ર પણ આપ્યો હતો.

કોરોના મહામારીને રોકવા લાદવામાં આવેલા લોકડાઉન-૪ બાદ હવે અનલોક-૧ શરૂ થયાના બીજા જ દિવસે એટલે કે આજે ર જૂનના રોજ વડાપ્રધાને જાહેર કાર્યક્રમને સંબોધન કર્યું હોય તેવી આ પહેલો જ પ્રસંગ હતો. સીઆઈઆઈના ૧૨૫માં વર્ષે તેની વાર્ષિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ વર્ષે તેના સેશનની થીમ ગેટિંગ ગ્રોથ બેક રાખવામાં આવી હતી. આ સભામાં દેશના ટોચના બિઝનેસ હાઉસીસના દિગ્ગજ્જ લોકો હાજર રહ્યા હતા.

દેશના અર્થતંત્રના કર્ણધારોને સંબોધતા મોદીએ કહ્યું કે, ૧૨૫ વર્ષમાં ઝૈને મજબૂત બનાવવામાં જેણે ફાળો આપ્યો તેને હું અભિનંદન આપીશ. જેઓ આપણી વચ્ચે નથી તેઓને હું આદરપૂર્વક નમન. કોરોનાના આ સમયગાળામાં, આના જેવી ઓનલાઈન ઈવેન્ટ્સ હવે સામાન્ય બની રહી છે. આ માણસની સૌથી મોટી તાકાત છે. આપણે લોકોના જીવ બચાવવા અને અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવી પડશે. તમે બધા ઉદ્યોગના લોકો અભિનંદનને પાત્ર છો. હું ગેટિંગ ગ્રોથ બેકથી આગળ વધીને કહીશ... વી આર ગેટિંગ ગ્રોથ બેક....!. તમે આશ્ચર્યચકિત થશો કે કટોકટીની આ ઘડીમાં હું આત્મવિશ્વાસ સાથે કેવી રીતે બોલું છું. પણ આનાં ઘણાં કારણો છે.



મને ભારતની પ્રતિભા અને તકનીક પર વિશ્વાસ છે. આ સંકટની ઘડીમાં આટલા આત્મવિશ્વાસ સાથે હું આ વાત કરી રહ્યો છું તેનું કારણ ભારતીયોની પ્રતિભા અને ક્ષમતા તેમજ દેશની ક્રાઈસ મેનેજમેન્ટની યોગ્યતા છે. યુવાનો અને ટેક્નોલોજી પર મને વિશ્વાસ છે.

પીએમએ ઉદ્યોગ જગતની સાથે સૌ કોઈનો જોમ અને જુસ્સો વધારતા જણાવ્યું હતું. કોરોનાને પગલે દેશના અર્થતંત્રની ગતિ ધીમી પડી છે પરંતુ હવે દેશમાં અનલોક વન સાથએ જ લોકડાઉન ખોલી દેવાયું છે. પ્રથમ ચરણમાં અર્થતંત્રના મોટાભાગને ખોલી દેવામાં આવ્યો છે

ખરા સમયે યોગ્ય રીતે યોગ્ય સાચા પગલાં ભર્યા એમ કહીને તેમણે જણાવ્યું કે, અન્ય દેશો સાથે સરખામણી કરવામાં આવે તો તે બતાવે છે કે ભારતમાં લોકડાઉનથી કેટલો ફાયદો થાય છે. હવે સવાલ એ છે કે, આગળ શું છે? ઉદ્યોગના નેતા તરીકે, આ પ્રશ્ન તમારા મગજમાં ચોક્કસપણે રહેશે, અમે શું કરવા જઈ રહ્યા છીએ. મને આત્મનિર્ભર ભારત અભિયાન વિશે પણ ખાતરી છે કે તમને સવાલો થશે. અને આ સ્વાભાવિક છે. પરંતુ કોરોના સામે દેશની અર્થવ્યવસ્થાને ફરીથી મજબુત બનાવવી એ મારી સરકારની પ્રાથમિકતા છે.

તેમણે પાંચ આઈનો મંત્ર આપતા કહ્યું કે, અમારા નિર્ણયોમાં, ઈક્લુઝન, ઈન્વેસ્ટમેન્ટ, ઈનોવેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઝલક જોવા મળશે. આજે ભારત ગ્રોથની નવી ઉડાન ભરવા માટે તૈયાર છે. અમારા માટે રિફોર્મ એટલે નિર્ણય લેવાની હિંમત. IBC હોય, બેંક મર્જર હોય કે GST, અમે હંમેશાં સરકારની દખલ ઓછી કરવા પ્રયાસ કર્યો છે.

CII જેવા સંગઠનોની જવાબદારી છે કે જો તમે એક પગલું ભરો તો સરકાર ચાર પગલા ભરીને તમારી મદદ કરશે. વડા પ્રધાન તરીકે તમને વિશ્વાસ આપું છુ. તમારી પાસે એક સ્પષ્ટ રસ્તો છે, આત્મનિર્ભર ભારતનો રસ્તો. આત્મનિર્ભર ભારતનો અર્થ એ છે કે આપણે વિશ્વના અર્થતંત્ર સાથે પણ મજબુત અને સપોર્ટિવ બનીએ.

આપણે સ્થાનિક સપ્લાય ચેઈનમાં એવું રોકાણ કરવું પડશે જેથી વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતની સ્થિતિને મજબૂત બને. મને લાગે છે કે CII જેવી સંસ્થાઓ પણ ફોર્સ કોરોનાની જેમ આગળ આવવું પડશે. વૈશ્વિક સ્તરે તમારું બજાર વધારવામાં તમારે ઉદ્યોગને મદદ કરવી પડશે. હવે દેશમાં એવા ઉત્પાદનો બનાવવાની જરૂર છે જે મેડ ઈન ઈન્ડિયા હોય અને મેડ ફોર ફોરેન હોય. દેશની આયાત કેવી રીતે ઘટાડવી તે અંગે વિચારવાની જરૂર છે.

તેમણે વધુમાં કહ્યું કે, સરકાર આજે એવા પોલિસી રિફોર્મ્સ કરી રહી છે, જેના આશા કરવાની દેશે છોડી દીધી હતી. કૃષિ ક્ષેત્રે, આઝાદી પછી જે નિયમો બનાવવામાં આવ્યા હતા, તેનાથી ખેડુતોને વચેટિયાઓના હાથમાં છોડી દીધા હતા. અમારી સરકારે દાયકાઓથી ખેડૂતોને થતા અન્યાયને દૂર કરવાની ઈચ્છાશક્તિ દર્શાવી હતી. કાયદામાં ફેરફાર થતાં હવે ખેડુતોને હક મળશે. તેઓ ઈચ્છે ત્યાં અને જયારે પણ ઈચ્છે ત્યાં તેમનો પાક વેચી શકે છે. વેરહાઉસમાં સંગ્રહિત અનાજ હવે ઈલેક્ટ્રોનિક વેપાર દ્વારા પણ વેચી શકાશે. આનાથી કૃષિ વ્યવસાય માટે કેટલાય રસ્તાઓ ખુલી રહ્યા છે. આ સાથે રોજગાર વધારવા માટે લેબર રિફોર્મ્સ કરવામાં આવી રહ્યા છે.

### દક્ષિણી આસામના ત્રણ અલગ-અલગ જિલ્લાઓમાં ભૂસ્ખલનની ઘટનાઓ

## આસામમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલનઃ ર૦ના મોત



દિસપૂર,તા.ર

આસામમાં મંગળવારનાં રોજ ભૂસ્ખલનમાં લગભગ ર૦ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. મૃતક મુખ્ય રૂપથી દક્ષિણી આસામનાં બરાક ઘાટી ક્ષેત્રનાં ત્રણ અલગ-અલગ જિલ્લાઓ સાથે સંબંધ રાખે છે. આ ઘટનામાં કેટલાંક અન્ય લોકો પણ ઘાયલ થયાં છે. જો કે બચાવ દળ ઘટનાસ્થળ પર પહોંચી ગયું છે. મૃતકોમાંથી સાત કછાર જિલ્લા, સાત હૈલાકાંડી જિલ્લા અને છ કરીમગંજ જિલ્લામાંથી છે. આ ક્ષેત્રમાં છેલ્લાં કેટલાંક દિવસોથી ભારે વરસાદ વરસી રહ્યો છે. પૂર્વોત્તર રાજય પહેલેથી જ મોટા પાયે પૂર સામે ઝઝૂમી રહ્યાં છે. જેનાંથી લગભગ ૩.૭ર લાખ લોકો પ્રભાવિત થયાં છે.

હૈલાકાંડી જિલ્લામાં બે ભૂસ્ખલનની દુર્ઘટનામાં સાત લોકોનાં મોત થયાં છે. આસામનાં મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલે જિલ્લા પ્રશાસનને ઘાયલ વ્યક્તિઓની મદદ માટે આવશ્યક પગલાં લેવાં અને મૃતક વ્યક્તિઓનાં પરિવારજનોને વળતરની રકમ આપવાનો પણ નિર્દેશ કર્યો છે.

ગોલપારા જિલ્લો સૌથી વધારે પ્રભાવિત છે. ત્યાર બાદ નાગાંવ અને હોજાઈ જિલ્લા પ્રભાવિત છે. પૂરમાં છ લોકોનાં મોત પણ નિપજયાં છે અને ૩૪૮ ગામડાંઓ પાણીની અંદર ડૂબી ગયા છે. આસામ રાજય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીનું કહેવું એમ છે કે લગભગ ર૭,૦૦૦ હેકટરમાં પાક ખરાબ થઈ ચૂક્યાં છે.

કરીમગંજ જિલ્લાનાં કાલીગંજ વિસ્તારમાં મંગળવારનાં રોજ જોરદાર ભૂસ્ખલન થયું. આ વિસ્તાર બાંગ્લાદેશ બોર્ડર સાથે જોડાયેલો છે. અહીં ૬ લોકો પહાડીનાં કાટમાળ નીચે દટાઈ ગયાં. આ ૬ લોકોમાંથી પ મૃતક એક જ પરિવારનાં હતાં. ઘટનાનાં સમયે તેઓ પોતાનાં ઘરમાં સૂઈ રહ્યાં હતાં ત્યારે ઘર સહિત તમામ લોકો જીવતા દફન થઈ ગયાં.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ર૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૪૧૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૭૬૩ર

ગુજરાતમાં છેલ્લા ર૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ર૯

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૧૧૧૪

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૧૮૯૪

### વાવાઝોડાની અસર દ.ગુજરાતમાં વરસાદ રૂપે થશે

## રાહતઃ વાવાઝોડું નિસર્ગ ગુજરાતના દરિયાકાંઠે ટકરાશે નહીં

ગાંધીનગર,તા.ર

કોરોનાના કહેર વચ્ચે ગુજરાત તરફ બીજી એક આફત આગળ વધી રહી હતી. હવે રાહતના સમાચાર છે કે નિસર્ગ નામનું સંભવિત વાવાઝોડું ગુજરાતના દરિયાકાંઠે નહીં ટકરાય. હવે આ વાવાઝોડું મહારાષ્ટ્રના કાંઠા વિસ્તારમાં ટકરાશે. જોકે, તેની અસરને પગલે દક્ષિણ ગુજરાત માં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ત્રીજી જૂનના રોજ દક્ષિણ ગુજરાતમાં કાંઠાના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી દેવામાં આવી છે.

હવામાન ખાતાના ડાયરેકટર જયંત સરકારે મંગળવારે મીડિયાને આપેલી માહિતી પ્રમાણે અરબી સમુદ્રમાં ડીપ્રેશન ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થઈ ગયું છે. હાલ તે સુરતથી ૬૭૦ કિલોમીટર દૂર છે. છ કલાક બાદ ડીપ ડિપ્રેશન વાવાઝોડામાં પરિવર્તિત થશે. જે બાદમાં તે સિવિયર (વધારે ખતરનાક) વાવાઝોડું પણ બની શકે છે.જયંત સરકારના જણાવ્યા પ્રમાણે આવતી કાલે ત્રીજી જૂનના રોજ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના હરીહરેશ્વર અને દમણ વચ્ચેથી આ વાવાઝોડું પસાર થશે. એટલે કે અલીગઢ નજીક આ વાવાઝોડું ટકરાશે. આ દરમિયાન તેની ઝડપ ૧૦૦થી ૧ર૦ કિલોમીટર પ્રતિ કલાક હશે. ગુજરાતમાં તેની કોઈ ખાસ અસર નહીં પડે પરંતુ તેની અન્ય અસરને પગલે દમણ, દાદરા નગર હવેલી, વલસાડ, નવસારીમાં ૮૦થી ૯૦ કિલોમીટરને ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. સુરતમાં ૭૦ થી ૮૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. બાકીના જિલ્લાઓમાં ૫૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

વાવાઝોડાની અસરને પગલે ત્રીજી જૂનના રોજ વલસાડ, નવસારી, તાપી, ડાંગમાં વરસાદ પડશે. ચોથી જૂનના રોજ પણ તાપી, ડાંગ અને નર્મદા જિલ્લામાં ભારે વરસાદ પડી શકે છે.

### કોરોના સંક્રમિતોનો આંકડો ર લાખની નજીક,૯૭૫૮૧ એક્ટિવ કેસ

## લૉકડાઉનમાં છુટછાટના પ્રથમ દિવસે જ કોરોના વિસ્ફોટઃ ૮૧૭૧ પોઝિટિવ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.ર

દેશમાં હવે દરરોજ કોરોનાના ૮ હજારથી વધારે નવા કેસ નોંધાયા છે. મંગળવારે સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જારી રિપોર્ટ અનુસાર છેલ્લા ર૪ કલાકમાં ૮ હજાર ૧૭૧ નવા કેસ સામે આવ્યા છે અને આ જીવલેણ બીમારીની ચપેટમાં આવીને ર૦૪ લોકોના મોત નીપજયા છે. છેલ્લા ર૪ કલાકમાં ૩૭૦૯ લોકો સાજા થયા છે.દેશમાં કુલ સંખ્યા ૧ લાખ ૯૮ હજાર ૭૦૬ છે. જેમાંથી ૫ હજાર ૫૯૮ લોકોના મોત થઈ ચૂક્યા છે. રાહતની વાત એ છે કે લગભગ ૫૦ ટકા એટલે તે ૯૫ હજાર ૫ર૭ દર્દી કોરોનાની જંગ જીતી ચૂક્યા છે. અત્યારે દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૯૭ હજાર ૫૮૧ છે. છેલ્લા કેટલાક દિવસોમાં દર્દીઓના સાજા થવાનો આંકડો તેજીથી વધી રહ્યો છે.

કોરોનાથી સૌથી વધારે મહારાષ્ટ્ર પ્રભાવિત છે. અહીં કુલ દર્દીઓનો આંકડો ૭૦ હજારને પાર કરી ગયો છે. અત્યાર સુધી ર હજાર ૩૬ર લોકો પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે જયારે ૩૦ હજારથી વધારે લોકો સાજા થઈ ચૂક્યા છે. હજુ ૩૭ હજાર ૫૪૩ એક્ટિવ કેસ છે. બીજા નંબરે તમિલનાડુ છે અહીં અત્યાર સુધી ર૩ હજારથી વધારે કેસ સામે આવ્યા છે. જેમા ૧૮૪ લોકોના મોત નીપજયા છે.

કોરોનાના કુલ કેસમાં દિલ્હી ત્રીજા નંબરે છે. અત્યાર સુધી અહીં ર૦ હજાર ૮૩૪ કેસ સામે આવી ચૂક્યા છે. જેમાં ૫ર૩ લોકોના મોત નીપજયા છે જયારે ૮૭૪૬ લોકો સાજા થઈ ચૂક્યા છે. ગુજરાતમાં કુલ દર્દીઓનો આંકડો ૧૭ હજાર ર૦૦ થઈ ગયો છે જેમાં ૧૦૬૩ લોકોના મોત નીપજયા છે.

રાજસ્થાનમાં કુલ દર્દીઓની સંખ્યા ૮૯૮૦ છે જેમાં ૧૯૮ લોકોના મોત નીપજયા છે. મધ્ય પ્રદેશમાં કુલ દર્દીઓની સંખ્યા ૮ર૮૩ છે જેમાં ૩૫૮ના મોત થઈ ચૂક્યા છે. ઉત્તર પ્રદેશમાં દર્દીઓનો આંકડો ૮૦૭૫ છે જેમાં ર૧૭ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે.

## અમેરિકામાં હિંસાઃ ટ્રમ્પે સેના તહેનાત કરવાની ચેતવણી ઉચ્ચારી

વોશિંગ્ટન,તા.ર

જોર્જ ફ્લોયડની પોલીસ અટકાયતમાં મોત બાદ અમેરિકાના મોટા ભાગના રાજયોમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. વિવિધ શહેરોમાં લૂટફાંટ, તોફાન અને આગચંપીની ઘટનાઓ સામે આવી રહી છે. વોશિંગ્ટન ડીસીમાં વ્હાઈટ હાઉસની બહાર પણ વિરોધ પ્રદર્શન થયા હતા. સ્થિતિ વધારે ખરાબ થતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની આર્મીને તહેનાત કરવાનો નિર્ણય લીધો છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું છે કે, જોર્જ ફ્લોયડની હત્યાથી તમામ લોકો દુઃખી છે અને તેમના મનમાં એક આક્રોશ છે. જોર્જ અને તેમના પરિવારને ન્યાય અપાવશે. મારી સરકાર તરફથી તેમને પૂરો ન્યાય મળશે. દેશના રાષ્ટ્રપતિ તરીકે મારી પહેલી પ્રાથમિકતા આ મહાન દેશ અને નાગરિકોની હિતોની રક્ષા કરવી છે.

ટ્રમ્પે જણાવ્યું છે કે, મારા આ દેશના કાયદાને સૌથી ઉપર રાખવાની શપથ લીધા હતા અને હવે હું એ જ કરીશ. રવિવારે રાત્રે વોશિંગ્ટન ડીસીમાં જે કંઈ થયું તે ખોટી વસ્તુ છે. હું હજારોની સંખ્યામાં હથિયારોથી સજ્જ જવાનોને તહેનાત કરી રહ્યો છું. તેમનું કામ તોફાન, આગચંપી, લૂટ અને નિર્દોષ લોકો પર હુમલાની ઘટનાઓ પર રોક લગાવવાનું હશે.

ટ્રમ્પે રાજયોને અપીલ કરી છે કે તેઓ તેમના નાગરિકોની રક્ષા કરે. તેમણે જણાવ્યું કે, જો કોઈ રાજ્ય કે શહેર પોતાના નાગરિકો અને તેમની સંપત્તિની રક્ષા કરવાથી ઈનકાર કરે છે તો હું અમેરિકાની આર્મીને ત્યાં તહેનાત કરીને તેમનું કામ સરળ બનાવી દઈશ. હિંસાનો સૌથી વધારે શિકાર નિર્દોષ અને શાંતિપ્રિય લોકો બન્યા છે અને એક રાષ્ટ્રપતિ તરીકે હું તેમના હિતોની રક્ષા કરીશ.

## તંત્રી સ્થાનેથી...

# અને લોકડાઉન- ૧ ની છૂટછાટ કોરોના ફેલાવાને મદદરૂપ તો નહીં બનેને.....?

કોરોનાવાયરસે વિશ્વભરમાં કેર વરસાવવાનું ચાલુ રાખ્યું છે. ૬૬ લાખ ૮૦ હજાર લોકોને કોરોનાગ્રસ્ત કરવા તરફ આગળ વધી રહ્યો છે. જ્યારે કે ૩,૭૯,૯૨૩ લોકોના મૃત્યુ થયા છે. ભારતમાં ૧લાખ ૯૫ હજાર ઉપર કોરોના સંક્રમિતોની સંખ્યા પહોંચી ગઈ છે. તો મૃતાંક ૫૪૬૫ પર પહોંચી ગયો છે. જોકે મેડિકલ ટ્રીટમેન્ટને કારણે ૯૪ હજાર જેટલા દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં અન લોકડાઉન-૧ જાહેર કરવામાં આવ્યું તેમાં જરકરી હોટસ્પોટ વિસ્તારોમા લોકડાઉન નિયમોનો ચુસ્તપણે અમલ શરૂ કરીને સમગ્ર રાજયના વિવિધ ઉદ્યોગો, વેપાર-ધંધા માટે છુટછાટ આપીને ધમધમતા કરી દીધા છે. તો હોસ્પિટલોમાં મેડિકલ ટ્રીટમેન્ટ અંગે પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા કરી દેવામાં આવી છે.... આમ છતાં કોરોના અટકવાનું નામ લેતો નથી. છેલ્લા ૨૪ કલાકમાં ૪૩૮ નવા કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદ ખાતે ૨૯૯ નોંધાયા છે તો ૩૧ વ્યકિતના મૃત્યુ થયા છે. રાજયમાં કુલ ૧૭, ૨૧૭ કેસ નોંધાયા છે અને મૃતાક ૧૦૬૩ પર પહોંચી ગયો છે. અમદાવાદમાં કુલ ૧૨૫૧૬ કેસ નોંધાયા છે... તો મૃતાક ૮૭૩ પર પહોંચી ગયો છે... ટૂંકમાં એક વાત સ્વષ્ટ રહી છે કે **lockdown** સમયમાં કોરોના સાથે લોકોએ કેવી રીતે રહેવું તેનું ટ્યુશન આપવામાં આવ્યું હતું. જે ગઈકાલે **unlock down** જાહેર કર્યા પછી પૂરું થયું છે... અને હવે સાચા અર્થમાં લોકોની પરીક્ષા શરૂ થઈ છે... તેમાં પ્રથમ દિવસે જ ૪૩૮ નવા કેસ નોંધાયા છે, અને ૩૧ વ્યકિતના મૃત્યુ થયા છે. ત્યારે નવું છૂટછાટ આપતુ નવા નામથી અન લોકડાઉન-૧ શરૂ થતા અનેક વિસ્તારોમાં લોકો ખરીદી કરવા, નોકરી જવા નીકળી પડ્યા તેમાં ડિસ્ટન્સ જાળવવાના ધજીયા ઉડી ગયા હતા. અનેકોથી જાણે-અજાણે **distance** નિયમોનો ભંગ થયો હતો....! જો કે કેટલાક અબુધો કે મહા મૂર્ખાઓ મોઢે માસ્ક બાંધવાથી દૂર રહ્યા હતા. ખાસ કરીને શાકમાર્કેટ કે શાક બકાલા વેચનારા પાસે **distance** નો સદંતર અભાવ દેખાઈ રહ્યો હતો... ત્યારે કોરોના તકની રાહ જોઈને ફરતો જ રહે છે તે વાત સૌ કોઈ સમજે તે દરેકના હિતમાં છે......!નહી તો તજગ્યોની ચેતવણી સાચી થવાની સંભાવના વધી પડી શકે......!!

લોકોએ કોરોના સાથે જીવવાનું આત્મબળ મજબૂત બનાવી લીધું છે. મોટા ભાગના વેપાર ધંધાના તમામ બજારો ખુલી ગયા છે... પરંતુ અનેક દુકાનોમાં ચીજ વસ્તુઓનો અભાવ છે. આજે બીજા દિવસે પણ અનેક દુકાનો, ધંધાઓ બંધ જોવા મળ્યા હતા.... પરંતુ છૂટછાટ મળતા બેરોજગારો, મજૂરો, ગરીબોને રોજગારી મળવાનુ શરૂ થઈ ગયુ છે. તો બીજી તરફ અનેકોને નોકરી ગુમાવવી પડી છે.....! કારણકે ઉત્પાદન એકમોમાં પરપ્રાંતીઓ મૂળ ઉત્પાદન સ્થાન પર કામ કરતા હતા તેઓ વતન જતા રહેતા ઉત્પાદન અટકી ગયું છે કે ઘટી ગયું છે....અને તેની અસર દેખાવાની શરૂઆત થઈ ગઈ છે.....! તો કેટલાક નાના મોટા કારખાનેદારોએ આઠ કલાક ડ્યુટીના સીધા બાર કલાક કરી નાખતા કામદારોમાં રોષ ભભુકતો ધરબાયેલો રહ્યો છે. જો કે જે તે રાજયોએ નવા ઉદ્યોગો લાવવા કે શરૂ કરવા લેબર લો માં ફેરફાર કર્યો છે.જે ભવિષ્ય કામદારો અને કારખાના-ઉદ્યોગ માલિકોને આમને-સામને લડાવી મારશે તે નિશ્ચિત લાગે છે......! જે તે રાજયોએ લેબર લો માં સુધારા વધારા કર્યા છે.....

ત્યારે સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી દ્વારા જે અહેવાલ બહાર આવ્યો છે તે અનુસાર દેશભરમાં બેરોજગારીનો દર ૨૪ ટકાને પાર કરી ગયો છે.... મતલબ સૌથી ખરાબ સ્થિતિએ પહોંચી ગયો છે. જ્યારે કે ગ્રામ્ય સ્તરે મજૂરીનો અભાવ છે છતાં પણ ખેતી કામને કારણે અને સહાયરૂપ થવાની સંસ્કૃતિ અને સંસ્કારને કારણે વ્યવહારિક અસર ઓછી દેખાય છે. તો મનરેગાને કારણે ગ્રામ્ય સ્તરે રાહત જરૂર થઈ છે. છતાં પણ બેરોજગારીનો રાક્ષસ ક્યારે જડબુ ફાડે અને તેમાં પણ લેબર લો માં કરેલ આકરા સુધારો ક્યારે વરવું સ્વરૂપ ધારણ કરે તે કોઈ કહી શકે તેમ નથી......!? અને ત્યારે જે તે સરકારે લેબર લો માટે જે કંઈ ફેરફાર કર્યા હોય તેમા ઉડા ઉતરી વૈશ્વિક શ્રમજીવી બંધારણનો ભંગ નથી થતોને....? તે તરફ ધ્યાન આપે તે સમયની માંગ છે......!? વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૩/૦૬/૨૦૨૦, બુધવાર, જેઠ સુદ-૧૧
સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૪૪, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ સ્વાતિ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૦૪ થી અમૃત-૭-૪૪ સુધી, ૯-૨૪ થી શુભ-૧૧-૦૫ સુધી, ૧૪-૨૫ થી ચલ-લાભ-અમૃત ૧૯-૨૬ સુધી, ૧૯-૨૬થી ચલ-૨૦-૪૬ સુધી

- શુભ હોરા-
૬-૦૪ થી ૭-૧૧ સુધી, ૮-૧૭થી ૯-૨૪ સુધી, ૧૧-૩૮થી ૧૪-૫૯ સુધી, ૧૬-૦૫થી ૧૭-૧૨ સુધી

# કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલના વાયદામાં સાર્વત્રિક તેજીનો માહોલઃ ક્રૂડ તેલમાં પણ વૃદ્ધિ

### સોના-ચાંદીના વાયદાના ભાવમાં એકંદરે નરમાઈઃ નેચરલ ગેસ પણ ઘટ્યુંઃ પ્રથમ સત્રમાં રૂ. ૯૫૭૩.૭૨ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૪૬૬૮ સોદામાં રૂ. ૯૫૭૩.૭૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૯૩૨૮.૨૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૪૫.૪૩ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં એકંદરે નરમાઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઘટ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલમાં સાર્વત્રિક તેજીનો માહોલ હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૮૩૫૨૧ સોદાઓમાં રૂ. ૪૮૭૨.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૨૦૦ અને નીચામાં રૂ. ૪૬૮૬૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૫ ઘટીને રૂ. ૪૬૯૬૮ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૯ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭૯૫૯ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૭૩૫ થયા હતા, જ્યારે સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨ વધીને બંધમાં રૂ. ૪૭૦૭૦ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૧૨૩૫ ખૂલી, ઊપરમાં રૂ. ૫૧૨૩૫ અને નીચામાં રૂ. ૫૦૨૮૪ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧૦ ઘટીને રૂ. ૫૦૪૦૧ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૧૯૨ ઘટીને રૂ. ૫૦૭૫૭ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૨૦૨ ઘટીને રૂ. ૫૦૮૧૦ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૮૩૬૧ સોદાઓમાં રૂ. ૨૧૮૭.૨૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૬૮૯ ખૂલી, ઊપરમાં રૂ. ૨૭૪૯ અને નીચામાં રૂ. ૨૬૮૭ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૧ વધીને રૂ. ૨૭૩૦ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૬૦૨ સોદાઓમાં કુલ રૂ. ૨૧૫.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૧૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૩૪૦ અને નીચામાં રૂ. ૧૬૧૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૩૦ વધીને રૂ. ૧૬૨૧૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૪૭.૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦ વધીને બંધમાં રૂ. ૬૬૬.૫ ના ભાવ હતા, જ્યારે એલચી જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૫૭૦ ખૂલી, અંતે કોઈ ફેરફાર વગર રૂ. ૧૫૭૦ થયો હતો. મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૮૩ અને નીચામાં રૂ. ૧૦૭૦ રહી, અંતે રૂ. ૧૦૭૭ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૦૦૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૧૪.૫ અને નીચામાં રૂ. ૯૯૮ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૯.૫૦ વધીને રૂ. ૧૦૧૨.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૭૪૬૪ સોદાઓમાં કુલ રૂ. ૨૪૭૭.૮૮ કરોડ ની કીમતનાં ૫૨૬૮.૭૩૪ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૬૬૦૫૭ સોદાઓમાં કુલ રૂ. ૨૩૯૪.૯૭ કરોડ ની કીમતનાં ૪૭૩.૩૨૩ ટન, ક્રૂડ તેલમાં ૩૨૭૨૧ સોદાઓમાં રૂ. ૧૨૧૩.૨૫ કરોડનાં ૪૪૬૩૨૦૦ બેરલ્સ, કોટનમાં ૪૩૧ સોદાઓમાં રૂ. ૨૩.૩૮ કરોડનાં ૧૪૩૭૫ ગાંસડી, સીપીઓમાં ૨૦૭૦ સોદાઓમાં રૂ. ૧૮૯.૦૧ કરોડનાં ૨૮૮૩૦ ટન, એલચીમાં ૧ સોદાઓમાં રૂ. ૧.૫૭ લાખનાં ૦.૧ ટન, મેન્થા તેલમાં ૧૨ સોદાઓમાં રૂ. ૧.૫૧ કરોડનાં ૧૪.૦૪ ટન, કપાસમાં ૮૮ સોદાઓમાં રૂ. ૧.૯૫ કરોડનાં ૩૮૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૭૩૨.૮૫૧ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૬૨.૫૫૩ ટન, ક્રૂડ તેલમાં ૬૦૭૮ બેરલ્સ, કોટનમાં ૧૦૬૩૦૦ ગાંસડી, સીપીઓમાં ૩૩૪૫૦ ટન, એલચીમાં ૧.૬ ટન, મેન્થા તેલમાં ૫૦.૭૬ ટન અને કપાસમાં ૧૬૮ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૪૫.૪૩ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૭.૩૯ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૫૧.૧૨ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૪૮.૮૮ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૩૧ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૧૮.૫ અને નીચામાં રૂ. ૧૧૯૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨૦૫.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૨ ખૂલી, ઊપરમાં રૂ. ૪૪૮.૫ અને નીચામાં રૂ. ૩૬૭.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૨૨.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૨૩૮ ખૂલી, ઊપરમાં રૂ. ૨૨૬૦ અને નીચામાં રૂ. ૨૧૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧૮૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૪૧ ખૂલી, ઊપરમાં રૂ. ૨૮૮ અને નીચામાં રૂ. ૨૪૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૭૯.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૨૭૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૫૭ ખૂલી, ઊપરમાં રૂ. ૧૮૦ અને નીચામાં રૂ. ૧૪૭.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૯.૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૭૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૭૮ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૮ અને નીચામાં રૂ. ૧૩૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૨.૮ બંધ રહ્યો હતો.

# રાહુલ ગાંધી વડાપ્રધાન મોદીના રસ્તેઃ મન કી બાત જેવા કાર્યક્રમની શરુઆત કરશે

ન્યુ દિલ્હી,તા.૨

કોંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ ટૂંક સમયમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં મન કી બાત જેવા કાર્યક્રમની શરૂઆત કરી શકે છે. સુત્રોનાં જણાવ્યા પ્રમાણે નામ જાહેર ન કરવાની શરતે કોંગ્રેસ પાર્ટીનાં એક નેતાએ કહ્યું કે, ‘અમે હાલમાં તેના પર કેવી રીતે કામ કરી શકીએ તેની યોજના બનાવી રહ્યા છીએ અને તેની ચર્ચા કરી રહ્યા છીએ. અમે નિષ્ણાતોની સલાહ પણ લઈ રહ્યા છીએ. આ માટે રાહુલ ગાંધી આગામી સમયમાં પોડકાસ્ટ સર્વિસ પણ અજમાવી શકે છે. એક અખબાર અનુસાર કોંગ્રેસ પાર્ટી તેની તૈયારી કરી રહી છે.

કોંગ્રેસ સાથે જોડાયેલા વ્યક્તિએ કહ્યું કે, તેઓ લિંક્ડિન પ્લેટફોર્મ પર પણ નજર રાખી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે લોકડાઉન સમયે પાર્ટીનાં સોશિયલ મીડિયા અભિયાનને નોંધપાત્ર ટેકો મળ્યો હતો. તેમણે કહ્યું, ‘અમારી ઓનલાઇન ઝુંબેશ‘ સ્પીક અપ ઈન્ડિયા ‘ને ૨૮ મે નાં રોજ ઘણો ટેકો મળ્યો. એક જ દિવસમાં ઘણાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પાંચ મિલિયનથી વધુ સંદેશા પ્રાપ્ત થયા છે.નોંધપાત્ર વાત એ છે કે, આ પહેલા રાહુલ ગાંધીએ થોડા સમય પહેલા જ પોતાની યુટ્યુબ ચેનલ શરૂ કરી હતી. લોકડાઉન દરમિયાન રાહુલ ગાંધીએ તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કર્યો હતો, જેમાં અત્યાર સુધીમાં ૨,૯૪,૦૦૦ સબ્સ્ક્રાઇબર્સ થઇ ચુક્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનાં પ્રવાસી મજૂરો સાથેની વાતચીતને તેમની ચેનલ પર સાડા સાત કરોડથી વધુ વખત જોવામાં આવી હતી.



ભાજપના ખાડીયાના પૂર્વ ધારાસભ્ય શ્રી ભૂષણ ભટ્ટ સાથે હંમેશાં મારે કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે ટીવી પર લાઈવ ડિબેટમાં ઉગ્ર ચર્ચાઓ થાય છે...પણ ! સોશ્યલ મીડિયા પર કોઈ વ્યકિતએ ભૂષણભાઈ પર છેડતી અને દારૂથી ધૂર્ત હોવાના સાવ ખોટા સમાચારો વહેતા કર્યા છે...શ્રી ભૂષણભાઈએ પણ આ મનઘડત કહાની બાબતે ખંડન કર્યું છે... શ્રી ભૂષણભાઈ ભટ્ટ મહાગુજરાતના આંદોલનકર્તા, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને ખાડિયાના પૂર્વ ધારાસભ્ય સ્વર્ગસ્થ શ્રી અશોકભાઈ ભટ્ટના પનોતા પુત્ર છે...

હું પણ જાહેરજીવનમાં આવા અસત્ય સમાચારો વહેતા કરી કોઈને બદનામ કરવાની મનોવૃત્તિનો વિરોધી છું...

એકબીજાના મંતવ્યો અને વિચારધારા ભિન્ન હોઈ શકે પણ કોઈ વિરોધ કરવા ઉપજાવી કાઢેલા આક્ષેપ કરવાની માનસિકતાના દૌરથી હું સ્વયં ખૂબ વ્યથિત છું...હું આવી ચેષ્ટાઓનો વિરોધ કરું છું અને આવા મનોરોગીઓને તેઓના માનસ પરીવર્તન માટે આશાભરી અપીલ કરું છું...

- ‘સત્યાગ્રહી‘ નિમિષ શાહ...

# એમસીએક્સનો ચોખ્ખો નફો નાણાકીય વર્ષ ૨૦૨૦માં ૬૨ ટકા ઊછળી રૂ.૨૩૬.૫૦ કરોડ

### એક્સચેન્જની કુલ આવક (એકત્રિત) નાણાકીય વર્ષ ૨૦૨૦ના ચોથા ત્રિમાસિક ગાળામાં ૩૩ ટકા વધીને રૂ.૧૦૫.૨૮ કરોડઃ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે શેરદીઠ રૂ.૩૦ (૩૦૦ટકા)ના ડિવિડંડની ભલામણ

મુંબઈ, ૨ જૂન, ૨૦૨૦

કોમોડિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ભારતનું સૌથી મોટું એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ. (એમસીએક્સ)એ ૩૧ માર્ચ, ૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલા ચોથા ત્રિમાસિક ગાળા અને નાણાકીય વર્ષના ઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી હતી.

૩૧ માર્ચ, ૨૦૨૦ના રોજ પૂર્ણ થતા નાણાકીય વર્ષ ૨૦૨૦ના ચોથા ત્રિમાસિકગાળામાં એક્સચેન્જે ૨૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૧૩૪.૯૪ કરોડની કુલ આવક હાંસલ કરી છે, જે ગત નાણાકીય વર્ષના સમાનગાળામાં રૂ.૧૧૦.૮૦ કરોડની રહી હતી, જ્યારે ઓપરેટિંગ આવક ગત નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિકગાળાનાં રૂ.૭૯.૧૪ કરોડની સરખામણીએ ૩૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૧૦૫.૨૮ કરોડની નોંધાઈ હતી. ચોખ્ખો નફો આગલા વર્ષના ચોથા ત્રિમાસિકગાળાના રૂ.૬૦.૯૫ કરોડથી ૭ ટકા વધીને સમીક્ષા હેઠળના ગાળામાં રૂ.૬૫.૫૦ કરોડ થયો છે. ઈબીઆઈટીડીએ રૂ.૫૬.૮૪ કરોડથી ૨૪ ટકા વધીને રૂ.૭૦.૩૫ કરોડ રહ્યું છે. ઈબીઆઈટીડીએ માર્જિન ૫૨ ટકા અને કરવેરા બાદના નફાનું માર્જિન ૪૯ ટકા રહ્યું છે.૩૧ માર્ચ, ૨૦૨૦ના રોજ પૂર્ણ થતા નાણાંકીય વર્ષ ૨૦૨૦ દરમિયાન એક્સચેન્જની કુલ આવક રૂ.૩૯૮.૫૯ કરોડથી વધીને રૂ.૫૦૩.૧૧ કરોડ અને ચોખ્ખો નફો રૂ.૧૪૬.૨૪ કરોડથી વધીને રૂ.૨૩૬.૫૦ કરોડનો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં ઈબીઆઈટીડીએ રૂ.૨૮૩.૬૩ કરોડના સ્તરે રહ્યું હતું, જે આગલા નાણાકીય વર્ષ ૨૦૧૯માં રૂ.૧૯૨.૫૨ કરોડનું હતું. ઈબીઆઈટીડીએ માર્જિન ૫૬ ટકા અને કરવેરા બાદના નફાનું માર્જિન ૪૭ ટકા રહ્યું છે.એક્સચેન્જના ડિરેક્ટર બોર્ડે ૩૧ માર્ચ, ૨૦૨૦ના પૂર્ણ થયેલા નાણાંકીય વર્ષ માટે આગામી વાર્ષિક જનરલ મિટિંગમાં શેરધારકોની મંજૂરીને આધીન પોતાના શેરધારકોને શેરદીઠ રૂ.૩૦ (૩૦૦ ટકા)નાં ડિવિડંડ આપવાની ભલામણ કરી છે.નાણાકીય વર્ષ ૨૦૨૦ના ચોથા ત્રિમાસિકગાળામાં એક્સચેન્જ પર ટ્રેડેડ કોમોડિટી વાયદા કોન્ટ્રેક્ટ્સનું સરેરાશ દૈનિક ટર્નઓવર ગત વર્ષના સમાનગાળાનાં રૂ.૨૬,૯૮૧ કરોડથી ૩૬ ટકા વધીને રૂ.૩૬,૬૨૬ કરોડનું થયું છે. કોમોડિટી ડેરિવેટિવ્ઝ ક્ષેત્રે એક્સચેન્જનો બજારહિસ્સો નાણાકીય વર્ષ ૨૦૧૯ના ૯૧.૬૦ ટકાથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૦માં ૯૪.૦૧ ટકાનો થયો છે, જ્યારે સમાનગાળામાં કોમોડિટી વાયદા કોન્ટ્રેક્ટ્સનું સરેરાશ દૈનિક ટર્નઓવર ગત વર્ષનાં રૂ.૨૫,૬૪૮ કરોડથી ૨૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૩૨,૪૨૪ કરોડનું થયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ દરમિયાન એક્સચેન્જના મેકેનિઝમ મારફત કુલ ૭૪,૨૦૬ મે.ટન બેઝ મેટલ્સની ડિલિવરી નોંધાઈ છે.

## જમ્મુ-કાશ્મીરના ત્રાલમાં સુરક્ષાદળોએ એક આતંકવાદીને ઠાર કર્યો

ત્રાલ,તા.૨

જમ્મુ-કાશમીરના ત્રાલમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ સર્જાઈ છે. મંગળવારે સવારે સેનાએ એક આતંકવાદીને ઠાર માર્યો છે. અગાઉ સોમવારે પણ રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં એલઓસીની પાસે સેનાએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

જમ્મુ-કાશ્મીર પોલીસે જણાવ્યું કે, ત્રાલ વિસ્તારના સાઈમોહ ગામમાં મંગળવારે સવારે સુરક્ષાદળોને એક આતંકવાદીઓને ઠાર માર્યો છે. સેના અને આતંકવાદીઓની વચ્ચે અથડામણ સર્જાઈ છે. પોલીસે જણાવ્યું કે માર્યા ગયેલા આતંકવાદીઓને ઓળખ કરવામાં આવી રહી છે. વિસ્તામાં હજુ પણ કેટલાક આતંકવાદીઓ છૂપાયેલા છે જેને લીધે એક્રાઉન્ટ ચાલું છે

# રાહતના સમાચારઃ કોરોનાથી બિમાર લોકોની ટકાવારી ઘટીને ૨.૮૩ ટકાએ પહોંચી

ન્યુ દિલ્હી,તા.૨

કોરોના મહામારીની વિરૂદ્ધ દેશમાં જંગ છેડાઇ છે. આ જીવલેણ વાયરસને માત આપવા માટે દરેક રાજ્યએ મોટી તૈયારી કરી રાખી છે. ખૂબ જ સંક્રમણ હોવાના લીધે આ બીમારીની ઝપટમાં આવનારા લોકોની સંખ્યા તો દરરોજ વધી રહી છે પરંતુ સારી વાત એ છે કે કોવિડ-૧૯થઈ દેશમાં મોતનો આંકડો ઘટી રહ્યો છે અને આ બીમારીથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. ધીમે-ધીમે ભારતમાં કોરોના નબળો પડતો રહ્યો છે અને આ ટ્રેન્ડ રહ્યો તો ટૂંક સમયમાં જ બીમાર થનારાઓની સામે સ્વસ્થ થનારાઓની સંખ્યા વધી ગઇ હશે.

૪૫ દિવસ પહેલાં કોવિડ-૧૯થી બીમાર લોકોના મોતની ટકાવારી ૩.૩ ટકા હતી જ્યારે આ ઘટીને ૨.૮૩ ટકા થઈ ગયો છે. ૧૮મી મેના રોજ મૃત્યુદર ૩.૧૫ ટકા હતો જે ૩ મેના રોજ ૩.૨૫ ટકા હતો. ભારતમાં એક દિવસમાં સૌથી વધુ મોતનો સરકારી આંકડો ૨૩૦ છે. દેશમાં કોરોનાથી મૃતકોની સંખ્યા વધીને ૫૩૯૪ સુધી પહોંચી ગઇ છે અને તેનાથી બીમાર લોકોની સંખ્યા ૧ લાખ ૯૦ હજારથી વધુ છે.

દેશમાં અત્યારે ૯૩૩૨૨ એક્ટિવ કેસ છે. ૯૧૮૧૮ કોરોનાથી સ્વસ્થ થઈને ઘરે આવી ચૂકયા છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૪૮૩૫ લોકોને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઇ છે. કેન્દ્ર સરકારની ૮મી મેના રોજની ગાઇડલાઇન્સ પ્રમાણે નજીવા અને મધ્યમ કોરોના પીડિત દર્દીઓમાં જો લક્ષણ વધતા નથી તો તેમને ૧૦ દિવસ બાદ તંદુરસ્તી જહેરાત કરી દીધી છે. એટલે કે આવનારા સમયમાં કોરોનાથી સ્વસ્થ થનાર લોકોની સંખ્યામાં વધારો થશે.

કોવિડ-૧૯થી રિકવરી રેટ પણ સુધર્યો છે અને આ ૪૮.૧૯% સુધી પહોંચી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા પ્રમાણે ૧૮મી મેના રોજ રિકવરી રેટ ૩૮.૨૯ટકા હતો જ્યારે ૩ મેના રોજ આ ૨૬.૫૯ ટકા રહ્યો હતો. ૧૫ એપ્રિલના રોજ રિકવરી રેટ અંદાજે ૧૧.૪૨ ટકા હતો. રિકવરી રેટ વધવાના સંકેત મળી રહ્યા છે. આથી દેશમાં આ બીમારીથી સ્વસ્થ થવાની ઓળખ અને સારવાર થઈ રહી છે. અલગ-અલગ રાજ્યોમાં રિકવરી રેટ ચોક્કસ અલગ છે પરંતુ ઓવરઓલ તસવીર ઉત્સાહવર્ધક છે.સ્વાસ્થય મંત્રાલયના મતે દેશમાં મોતની સંખ્યા સતત ઘટવાનું મુખ્ય કારણ આ બીમારીની સમય પર ઓળખ અને તેની તરત સારવાર છે.

# શેરપુરા પાટીયા પાસે ખેતરમાંથી પસાર થતી આઇ.ઓ.સી.ની પાઈપ લાઈનમાંથી ઓઈલ ચોરીનું કૌભાંડ ઝડપાયું

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના કાણોદર નજીક શેરપુરા ગામના પાટિયા પાસે એક ખેતરમાંથી પસાર થતી આઇ.ઓ.સીની પાઇપ લાઇનમાં પંક્ચર કરી ક્રૂડ ઓઇલ ચોરી કરવાનું ષડયંત્ર ઝડપાઇ જવા પામ્યુ છે.પાલનપુર એસ.ઓ.જીના સ્ટાફના માણસો પેટ્રોલિંગ દરમિયાન શેરપુરા પાસે આવેલી હોટલ નવજીવન નજીક ચેકિંગમાં હતા. તે દરમિયાન હોટલની પાછળ ખુલ્લી જગ્યામાં એક ટેન્કર ઉભેલ હોઇ શંકા જતાં તપાસ કરવામાં આવતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થઈ ગયો હતો. આ બાબતે આઇઓસી કન્ટ્રોલ રૂમને તેમજ છાપી પોલીસને પણ જાણ થતાં ઘટના સ્થળે દોડી આવી બનાવ સંદર્ભે તપાસ હાથ ધરવામાં આવી છે. ત્યારે આ ઘટનામાં ખેતર માલિકની ભૂમિકા પણ શંકાસ્પદ હોવાનું ચર્ચાઇ રહ્યું છે. જો કે સમગ્ર મામલે હવે પોલીસ તપાસનો ધમધમાટ શરૂ થયો છે.



સમગ્ર રાજયમાં ચાલી રહેલી કોરોના વાયરસની મહામારી વચ્ચે બનાસકાંઠા જિલ્લાના શેરપુરા પાસે આઇ.ઓ.સી ની પાઇપ લાઇનમાં પંક્ચર પાડી ઓઇલ ચોરીનું મસમોટું કૌભાંડ ઝડપાઇ જવા પામ્યું છે. છાપી પંથકમાં અગાઉ પણ ઓઇલ ચોરીના કૌભાંડો પ્રકાશમાં આવી ચૂક્યા છે. હાલમાં કોરોનાની મહામારી દરમિયાન સૌ કોઈ સરકાર દ્વારા જાહેર કરાયેલા લોકડાઉનનું ચુસ્ત પાલન કરી રહ્યા છે અને પોલીસ પણ કોરોના મહામારી વચ્ચે બંદોબસ્તમાં વ્યસ્ત હોય તેનો લાભ ઉઠાવી કેટલાક તત્વો ઓઇલ ચોરી સહિતના ગુન્હાહિત કૃત્ય આચરવાનો નક્કી કરી લેતા હોય છે.જો કે પોલીસના હાથ ખૂબ જ લાંબા હોય છે તે આ ઘટના પરથી તાદશ થઈ જાય છે. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર નજીક કાણોદર પાસે શેરપુરા ગામના પાટિયા પાસેથી આ ઓઈલ ચોરીનું કૌભાંડ ઝડપાયું છે. આ બાબતે પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર એસઓજીના એ.એસ.આઇ સાયબાભાઇ તેમજ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા.તે દરમિયાન શેરપુરા પાટિયા પાસે હોટલ નવજીવન પાછળ ખુલ્લી જગ્યામાં માટીના પાળા પાસે એક ટેન્કર ઉભેલ હોય અને ખેતરમાં અંધારામાં માણસોનો અવાજ આવતો હોય પોલીસની ટીમે નજીક જઇ તપાસ કરતાં અંધારામાં ઉભેલ માણસો ખેતરમાં ભાગી છૂટ્યા હતા. દરમિયાન પોલીસે તપાસ કરતાં ટેન્કરના પાછળના ભાગે પાઇપ લાઇન દ્વારા કનેકશન જોડવામાં આવેલ હતું અને ખુલ્લા ખેતરમાં અલગ અલગ બે વાલ્વ લગાડેલા હતા. જે વાલ્વ આઈ.ઓ.સી.ની પાઇપમાંથી પંક્ચર પાડી ક્રૂડ ઓઇલની ચોરી કરવામાં આવી રહી હોવાનું જણાતા એસ.ઓ.જીની ટીમે આ બાબતે આઇ.ઓ.સી કંટ્રોલ રૂમને જાણ કરતા પેટ્રોલિંગ મોબાઇલ સુપરવાઇઝર સુરેન્દ્રસિહ રાઠોડ ગાર્ડ સાથે આવી પહોંચ્યા હતા. તે ઉપરાંત આ બાબતે છાપી પોલીસને પણ જાણ કરાતા છાપી પી.એસ.આઇ એલ.પી.રાણા તથા સ્ટાફ પણ દોડી આવ્યા હતા. ત્યારબાદ ખેતરમાં વધુ તપાસ દરમિયાન ટેન્કરના પાછળના ભાગે લોખંડની સીડી મુકેલ હતી તેમજ બે પાઇપ ગોઠવેલ હતી. જેમાં આઇ.ઓ.સીની મથુરા સલાયા લાઈનમાં પંક્ચર કરી પાઇપ જોડીને ક્રૂડ ઓઇલ કાઢી મસમોટું કૌભાંડ આચરવામાં આવી રહ્યું હતું. ત્યારે આ બાબતે છાપી પોલીસ મથકે આવેલ ચોરી કૌભાંડ બાબતે ગુનો નોંધી આ ઓઈલ ચોરી કૌભાંડમાં કોણ કોણ સામેલ છે. તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ઘટના સ્થળેથી પાનુ અને પાવડો સહિતના ઓજાર મળી આવ્યા આ બનાવમાં પોલીસે ખેતરમાં તપાસ કરતા ઘટના સ્થળેથી પાવડો તથા લોખંડનું તગારૂ તેમજ બોલ્ટ ખોલવા તથા બંધ કરવા માટે લોખંડનું પાનુ સહિતના ઓજારો પણ મળી આવ્યા હતા. પોલીસે સમગ્ર મામલે ખેતર માલિકની પણ શંકાસ્પદ ભૂમિકા જણાઇ આવતા તપાસ હાથ ધરી છે.

મુખ્ય પાઈપમાં પંક્ચર કરી ઓઇલ ચોરી કરવામાં આવી રહી હતી આઇ.ઓ.સીની મુખ્ય લાઈનમાં પંક્ચર કરી તેમાં પાઈપો જોડી વાલ્વ ખોલવા તેમજ બંધ કરવા માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને તેમાંથી ચોરી કરવામા આવી રહી હતી. જો કે જોગાનુજોગ પોલીસ હોટલો પર ચેકિંગ દરમિયાન અંધારામાં ઉભેલ ટેન્કરને જોઈ જતાં સમગ્ર ભાંડો ફૂટી ગયો હતો. આ કૌભાંડમાં કોણ કોણ સામેલ છે અને કેટલા સમયથી કૌભાંડ ચાલી રહ્યું હતું તે દિશામાં પણ તપાસ હાથ ધરી છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલ: જીજ્ઞા કપુરિયાં

મોર્ડન કામવાળી. (એકોક્તિ )

ટીન ટોન ઘરની બેલ વાગે છે અને શેઠાણી માધુરી બહેન દરવાજો છે અનેઠ એકદમ ટીપટોપ હાથમાં મોબાઈલ અને પર્સ લટકાવીને આધુનિક વસ્ત્ર ધારણ કરી એક કામવાળી બાઈ અંદર આવે છે )

"એ રામ રામ દીદી હું ગંગુબાઈ, તમે જે એપ પર મેસેજ કર્યો હતો એ એપવાળાએ મને મોકલી છે હું ત્યાંથી આવું છું.

"હે શું કીધું તમારા નિયમો! હા બોલો હું સાંભળું છું. અરે !દીદી તમારા નિયમો તો મેં શાંતિથી સાંભળ્યા હવે મારા નિયમ હું કહું.....

૧)હું સવારે સાત વાગ્યાથી તમારું કામ કરીશ પણ ચાહ ફક્ત એક જ વાર બનાવીને થર્મોશમાં ભરી દઈશ વારે ઘડીએ હું ચાહ નહીં બનાવું....

૨)બધાંનો નાસ્તો પણ એક સરખો અને એક જ સમયે ૧૦વાગે એ પછી નાસ્તો હું કોઈને નહીં આપું....

3) મારા માટે તમે ખાઉ છો એજ ચોખ્ખા ઘીમાં પરાઠાં બનાવીશ કારણ ડાલડા ઘી મને ફાવતું નથી....

૪)મારા માટે અલગ જમવાનું કે કાલનો વાસી ખોરાક કે વધેલી રોટલી પણ હું નહીં ખાઉં કારણ વાસી ખોરાક મને પચતો નથી....

૫) બપોરે ૨ થી ૫મારો સુવાનો ટાઈમ એ દરમ્યાન હું દરવાજો ખોલવાં કે ફોન લેવાં નહીં જાવ....

૬)કપડાં મશીનમાં જ ધોઈશ, જાડું પોતા માટે મોપ, ખાવાનું બનાવવાં ચાર બર્નલનો ગેસ ,ચીમની,માઈક્રોવેવ, ઓવન,મીક્સર જેવાં આધુનિક ઉપકરણો હશે તો જ કામ કરીશ....

૭)ચાર વાગે ચા પાણી નાસ્તો થઈ જાય એ પછી હું એક કલાક મોબાઈલ પર રહીશ એનાં માટે મને ટોકવી નહીં.....

૮)રવિવારે છુટી અને પહેલી તારીખે તમારે ઓનલાઈન એકાઉન્ટમાં પૈસા ભરી દેવાનાં......

૯)મહેમાન આવે તો એમનું કામ કરવાનાં અલગ પૈસા અને અગાઉથી જાણ કરવાની રહેશે.....

૧૦)હું કોઈ દિવસ બહાર જાવ તો પૈસા કાપવાના નહીં અને વર્ષે એક વાર પંદર દિવસ હું મારે ગામ જઈશ....

૧૧)તમારા ઘરમાં ૪જણ હોય તો જ હું કામ કરીશ ,કેટલાં જણા છો? વધારે હશો તો હું કામ નહીં કરું..

૧૨)છેલ્લે તમારું ઘર ટોપ ફલોર પર છે જયારે લિફ્ટ બંધ હશે ત્યારે હું કામ કરવાં નહીં આવું હું દાદરા નહીં ચઢું...

૧૩)તમારે બધાંએ...ગમે તેવું કામ હોય...૧૨.૩૦ સુધી જામી લેવાનું....૧ વાગ્યે વાસણ માનજવા જઈશ...પછી જાતે ગરમ કરી ને ખાઈ લેવું અને થાળી વાટકા ધોઈ નાખવાં...

૧૪)હું ફેસબૂક પર કોઈ પણ પોસ્ટ મુકું...એને ફરજિયાત લાઈક કરવાની...અમારે પણ કાંઈ ઈજ્જત હોય કે નહીં આતો શરુઆતી નિયમો છે બાકી જેમ જેમ હું કામ કરીશ એમ તમને જણાવતી જઈશ. પછી ન કહેતાં કીધું નહોતું!

અરે, મેડમ ધ્યાન કયાં છે તમારું ? શું વિચારમાં મગ્ન થઈ ગયાં ?એકવાત બીજી મારા કામમાં કોઈ મને ટોકે એ મને પસંદ નથી, મને તો દરેક કામમાં પહેલેથી જ ચોખવટ પસંદ છે!....

શું થયું? ગભરાઈ ગયાં? અરે દીદી!આતો તમે મને નિયમો કીધા એટલે મારે કહેવું પડયું અમે જો કામવાળી બાઈ અમારાં નિયમો બનાવીશું તો?.

બાકી મગજ પર ભાર નહીં રાખતાં હું મારું જ ઘર સમજીને કામ કરીશ એક મહિનો કામ તો કરવાં દો! પૈસા પણ તમે મારું કામ જોઈને નક્કી કરજો...

ચાલો ત્યારે આવજો ,આ પહેલી તારીખથી આ ગંગુબાઈ તમારે ઘરે કામ કરવાં હાજર થઈ જશે..

એ રામે રામ...

(એમ બોલીને આવજો કરી બહાર નીકળી જવું)

જીજ્ઞા કપુરિયા "નિયતી"

૨/૬/૨૦૨૦



## ફોટો ગેલેરી







## મહુવા તાલુકાના દુધાળા નં.૨ ગામે

# જુગાર રમતા સાત ઈસમોને રોકડ પકડી લેતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ ભાવનગર

ભાવનગર જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી જયપાલસિંહ રાઠોડ સાહેબે ભાવનગર, લોકલ ક્રાઇમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સ્પેકટર શ્રી વી.વી.ઓડેદરા તથા પો.સબ.ઈન્સ. શ્રી.એન.જી.જાડેજા તથા એલ.સી.બી. સ્ટાફનાં માણસોને ભાવનગર જીલ્લા વિસ્તારમાં દારૂ જુગારની બદી નેસ નાબુદ કરવા માટે સખત સુચના આપેલ.



ભાવનગર એલ.સી.બી. સ્ટાફના માણસો નાઇટ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યના બાતમીરાહે હકિકત મળેલ કે, દુધાળા નં-૨ ગામમાં ધાર વિસ્તારામાં ભોળાનાથના મંદિર સામે આવેલ ખુલ્લી બજારમાં ઈલેકટ્રીક લાઇટના અંજવાળા નીચે અમુક ઇસમો ભેગા મળી ગે.કા.રીતે પૈસા પાના વત્તી તીન પત્તીનો હાર જીતનો જુગાર રમી રમાડે છે. જે હકિકત આધારે જુગાર અંગે રેઇડ કરતા રેઇડ દરમ્યન કુલ ૭ ઇસમો ગોળ કુંડાળુ વળી પૈસા પાના વતી તીન પત્તીનો હાર જીતનો જુગાર રમતા મળી આવતા જેમા નં. (૧) બંળવતભાઇ કાશીરામભાઇ દવે જાતે- બ્રાહમણ ઉ.વ.૪૫ ધંધો. ક્રમ કાંડ રહે. દુધાળા નં-૨

(૨) જમાલભાઇ અમીભાઇ સેલોત જાતે- ધાંચી ઉ.વ-૩૫ ધંધો.-ડ્રાઇવીંગ રહે. મહુવા, ધોળા મામાના ધકો મહુવા

(૩) ભુપતભાઇ અંબાભાઇ પરમાર જાતે- કુંભાર ઉ.વ.૪૮ ધંધો. ખેતી રહે. દુધાળાનં-૨ તા.મહુવા

(૪) રમેશભાઇ પોપટભાઇ લાડવા જાતે- કુંભાર ઉ.વ.૪૦ ધંધો.હીરા રહે. દુધાળા નં-૨ મહુવા

(૫) ભોળાભાઇ રામભાઇ પોપટ જાતે- આહિર ઉ.વ.૩૮ધંધો. ખેતી રહે. દુધાળાનં-૨ તા.મહુવા

(૬) લાલજીભાઇ ભીમજીભાઇ ચોટીલીયા જાતે- કુંભાર ઉ.વ.૪૦ ધંધો. ખેતી રહે. દુધાળાનં-૨ તા.મહુવા

(૭) મનોજભાઇ ત્રીભુવનભાઇ ચૌહાણ જાતે- કુંભાર ઉ.વ.૩૬ધંધો. કડીયાકામ રહે. દુધાળાનં-૨ તા.મહુવા વાળાઓ ગે.કા. રીતે ગોળ કુડાળુ વળી પૈસા પાના વતી તીન પત્તીનો હાર જીતનો જુગાર રમી રેઈડ દરમ્યાન સાતેય ઈસમો ગંજી પત્તાના પાના નંગ ૫૨ તથા રોકડ રકમ રૂ.૨૦,૬૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ સમગ્ર કામગીરીમાં એલ.સી.બી.નાં પોલીસ ઈન્સ. શ્રી વી.વી.ઓડેદરા તથા પો.સબ ઈન્સ. એન.જી.જાડેજાની સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફનાં હેડ કોન્સ. જે.આર.આહિર તથા પો.કોન્સ. તરુણભાઈ નાંદવા તથા નરેશભાઇ બારૈયાએ રીતેનાં સ્ટાફનાં માણસો જોડાયા હતા

રિપોર્ટર.... ભરતભાઈ ખુમાણ અમરેલી

# વર્તમાન સમયમાં ગુજરાતના મહારાષ્ટ્ર બોર્ડરના ગામોમાંથી પીવાના પાણી માટે પોકાર ઉઠી રહ્યાં છે

સતિષ પટેલ નાનાપોઢા વલસાડ

રાજ્યમાં પીવાના પાણીના આયોજન અને પાણીની સ્થિતિ પર નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ અને પાણી પુરવઠા મંત્રી કુવરજી બાવળીયા સંયુક્ત રીતે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ૪૪ થી ૪૫ ડીગ્રી ગરમીમાં પીવાનું પાણી આપવાની સરકારની ફરજ છે. પરંતુ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મહારાષ્ટ્ર ને અડીને આવેલા હુડા અને માલઘર અનેક ગામોમાં પાણી માટે લોકો અને પશુઓ વલખાં મારે છે.પાણી માટે વહેલી સવારથી ૨ થી ૩ કિલોમીટર સુધી પાણી લેવા માટે જવું પડે છે મહિલા સાથે પુરુષો પણ મદદરૂપ થઈ રહ્યા છે. કુવા માંથી પાણી કાઢવા માટે મહિલાઓ નાની છોકરી પુરુષોજાનના જોખમમાં મૂકી પાણી કુવા પર ઊભા રહીને પાણી કાઢે છે પાણી ભરવા મહિલાઓ કામ કરતી હોય છે પરંતુ આજની પરિસ્થિતિ પાણી પુરુષ સાથે પાણી માટે મદદરૂપ થઈ રહ્યો છે.કુકુનિયા ગ્રામપંચાયત ની સામે પાણી ટાંકી બનાવી છે લાઈન નાખવામાં આવી નથી માત્ર ગ્રાન્ટ ઉપાડવા માટે કામ કરવામાં આવ્યું છે જ્યારે માલઘર લોકો કલાકો સુધી ટેન્કર ની રાહ જોઈ રહ્યા છે ક્યારે આવશે એનો કોઈ ટાઈમ નથી.બોરિંગ પર નંબર પ્રમાણે પાણી લેવામાં આવે છે જે પાણી ભરવા માટે ૨ થી ૩ દિવસે નંબર આવે છે. લોકોને પીવા નું પાણી મળતું નથી ત્યારે મૂંગા આબોલ પશુઓની દયનિય સ્થિતિ છે.શુ આપણું વહીવટી તંત્ર અજાણ છે.

લોકડાઉન માં ૫૮૬ કરોડની અસ્ટોલ પાણી પુરવઠાની ની યોજના ખોરંભે પડી છે. જે કામ થઈ રહ્યું હતું શ્રમિકો વતન જતા રહ્યા છે એના અગાઉથી કામ મંથર ગતિએ ચાલતુ હતું કામની ગુણવત્તા સામે સ્થાનિક લોકોને રજૂઆતો કરી હતી.પાણી પુરવઠામંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુરના ગામોમાં પાણીની સમસ?યા દૂર કરવા પ્રધાનમંત્રી નરેન?દ્રભાઈ મોદીના હસ?તે અસ?ટોલ જૂથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું આ યોજનાની કામગીરીનું જાત નિરીક્ષણ રાજયના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ કર્યુ છે.

વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુરની પ્રજાજનો માટેની અસ?ટોલ પાણી પુરવઠા યોજનાનો ફેઇઝ-૧ જુન ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થાય તે માટે પ્રયાસો હાથ ધરાયા છે. પરંતુ વર્ષોથી પાણીની સમસ્યાઓ થઈ રહી છે જ્યારે લોકો પાણી માટે જે સરકાર દ્વારા જે યોજનાઓ કુવા ચેકડેમ તળાવ પાણીની ટાંકી સરકાર ના વાસમો પાણી પુરવઠા વિભાગની જે કામગીરી કરવામાં આવે છે એને કોઈ પૂછનાર નથી કુવા ચેકડેમ ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા છે.

# ગુજરાત એનસીપીના પ્રદેશ પ્રમુખ તરીકે જયંત પટેલની નિમણૂંક

ગાંધીનગર,તા.૨

નેશનલ કોંગ્રેસ પાર્ટીએ ગુજરાતના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે જયંત પટેલ (બોસ્કી)ના નામની જાહેરાત કરી છે. અગાઉ પણ જયંત પટેલ પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકેને જવાબદારી નીભાવી ચૂક્યા છે. તેઓ હવે શંકરસિંહ વાઘેલાની જગ્યા લેશે. એનસીપી સુપ્રીમો શરદ પવારે જયંત પટેલની ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂંક કરી છે.

જયંત પટેલના નામની જાહેરાત થવાની સાથે જ હવે શંકરસિંહ વાઘેલાને તેમની સાથે મળીને ગુજરાતમાં પાર્ટી માટે કામ કરવાનું રહેશે. શંકરસિંહનું પાર્ટીમાં કદ ઘટતા તેઓ કંઈ નવાજૂની કરવાના મૂડમાં હોય તેમ લાગી રહ્યું છે, કારણ કે તેમણે પોતાના સત્તાવાર ટ્વીટર એકાઉન્ટની પ્રોફાઈલ પરથી એનસીપી નેતા તરીકેની ઓળખ હટાવીને પૂર્વ મુખ્યમંત્રી તરીકે પોતાને રજૂ કર્યા છે. અગાઉ શંકરસિંહ પોતાના ટ્વીટર એકાઉન્ટમાં પોતાને એનસીપીના જનરલ સેક્રેટરી તરીકે રજૂ કરતા હતા.

# વલસાડ તીઘરાના વ્યક્તિને PSIએ લાફો મારતા કાનના પડદો ફાટી ગયો

વલસાડ,૦૨ જૂન

તીઘરા બ્રાહમણ ફળિયામાં રહેતાં પરેશભાઇ હરમણીશંકર જોષીએ જિલ્લા પોલીસવડાને એક લેખિત ફરિયાદ આપી છે.ફરિયાદમાં જણાવ્યુ હતુ કે ૨૭ મેએ રાત્રે ૯.૩૦ કલાકે હું મારા ઓટલા પર બેઠો હતો.ત્યારે માસ્ક પહેર્યા વિના એક વ્યકિત આવતાં દેખાતા તેની ઓળખ પુછી હતી.માસ્ક ન હોવાથી સરપંચ અને તલાટીને જાણ કરવાનું કહેતા આ વ્યકિત ઉશ્કેરાય જઈ મા-બેહનને ખરાબ અપશબ્દો કહ્યા હતાં.તેમણે મારી ઓળખાણ બતાવુ એમ કહી ડુંગરા પીએસઆઇ રાઠોડ,વાપી તાલુકા વિકાસ અધિકારી ખુમાનસિંહ બંને અધિકારીનો હદ વિસ્તાર ન હોવા છતાં નંબર વગરની હુંડાઇ આઇ-૨૦ ગાડીમાં બીજા ત્રણ પોલીસ સાથે સ્થળ પર આવ્યા હતાં.પીએસઆઇ રાઠોડે પરેશ જોષીને ડાબા કાનમાં અને



મગજના ભાગે માર તથા શરીર પર લાતો માર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

વાપી કોર્ટના ધનપાલ અને વાપી ટીડીઓ ખુમાનસિંહે પણ મા-બહેન પર ખરાબ શબ્દો કહ્યા હતાં.ગામના રહીશ હેતલભાઇ દેસાઇ સહિતના લોકો સમજાવાનો પ્રયાસ કરતાં તેઓને પણ અપમાનજનક ગાણો આપી હતી.ત્રાણેય વ્યક્તિએ પોતાના સરકારી હોદાનો દુરઉપોગ કરી પારડી પોલીસ સ્ટેશનમાં જાહેરનામા ભંગની ફરિયાદ કરી છે.૨૮મીએ સવારમાં પરેશભાઇ જોષીએ ઓરવાડ સરકારી હોસ્પિટલને બતાવતાં વલસાડ સરકારી હોસ્પિટલમાં નિકાન કરતાં કાનનો ૬૦ ટકા પડદો ફાટી ગયો હોવાનું બહાર આવ્યુ હતું.ત્રાણેય અધિકારીઓએ એક સંપ થઇ ગેરકાયદે મંડળી રચી પોતાનું કાર્યક્ષેત્ર ન હોવા છતાં ગંભીર રીતે માર મારવાના ગંભીર આરોપો સાથે કાર્યવાહી કરવા ડીએસએપી સમક્ષ લેખિત માગ કરી હતી.

અમારુ નિવાસ્થાન શુભમ ગ્રીનસિટિમાં છે.એક વ્યકિત ચાલવા માટે નિકળતા અટકાવતાં અમે સ્થળ પર ગયા હતાં.

પારડી પીએસઆઇ ઝાલાને કહીને જાહેરનામા ભંગની ફરિયાદ કરી હતી.જેને લઇ અરજદારો ખોટા આક્ષેપ કરે છે.કાર્યક્ષેત્ર નથી પરંતુ અમે અહી રહેતા હોવાથી સ્થળ પર ગયા હતાં.

એલ.જી.રાઠોડ,પીએસઆઇ,ડુંગરા પોલીસ સ્ટેશન

# કેશોદ પંથકમાં વાવાઝોડું આવતાં કરા સાથે ધોધમાર વરસાદ વરસતા ઠેર ઠેર પાણી

## દરિયા કિનારે આવેલા કેશોદ શહેરમાં હિકા વાવાઝોડા ની અસર જણાઈ સદનસીબે જાનહાની ટળી



કેશોદ: (રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેર-તાલુકા માં હિકા વાવાઝોડા ની અસર જણાઈ આવી છે. બપોરે ચાર વાગ્યાથી અચાનક પવનની ગતિ વધી હતી અને સાથે સાથે વરસાદ પણ શરૂ થઈ ગયો હતો. કેશોદ શહેરમાં વરસાદ સાથે કરા પણ પડયા હતા. કેરીના પાકને ભારે નુકસાની થઈ હોવાનું જાણવા મળ્યું છે. લોકડાઉન માં થી મુક્તિ મળી હતી અને જનજીવન રાબેતા મુજબ બન્યું હતું ત્યારે મેઘરાજાએ મહેર કરતાં ફરીથી શહેરીજનો ઘરમાં પુરાઈ ગયાં હતાં. સદનસીબે કેશોદ શહેરમાં બે ઈંચ જેટલો વરસાદ પડ્યો છે ત્યારે કોઈ જાનમાલની કે માલ મિલકત ની નુકસાની થઈ નથી.

કેશોદ નગરપાલિકા નાં ઓફિસ સુપ્રીટેન્ડેડ પ્રવિણભાઈ વિઠ્ઠલાણીએ જણાવ્યું હતું કે વાવાઝોડા માં મુશ્કેલીઓ સર્જાય તો પ્રાથમિક ધોરણે પહોંચી શકાય એ માટે રાઉન્ડ ધ કલોક કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે ત્યારે કેશોદ શહેરમાં વસતાં નાગરિકો એ વરસાદ ને કારણે કોઈ મુશ્કેલીઓ ઉભી થાય તો સત્વરે ફોન નંબર ૨૩૫૬૭૫ પર વિગતવાર માહિતી આપી જાણ કરવા જણાવ્યું છે. કેશોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ નોંધપાત્ર પડ્યો છે ત્યારે ખેડૂતો ખેતીનાં કામમાં લાગી જશે. આજરોજ ભીમ અગિયારસ હોય બપોરે વરસાદ વરસતા ખુશી વ્યાપી ગઈ છે. કેશોદ શહેરમાં ખુશનુમા વાતાવરણ વચ્ચે યુવાનો બાઈકો લઈને પલળવા નીકળી પડ્યા હતાં. કેશોદ પ્રાંત અધિકારી, મામલતદાર અને ચીફ ઓફિસર દ્વારા વરસાદ ને કારણે કોઈ પ્રકારની નુકસાની થાય નહી એ માટે સતત દરેક વિભાગના સંકલન માં છે.

## મોડાસામાં કોરોનાથી ટપોટપ મોતથી ભયનો માહોલ

# મોડાસા શહેરમાં ૫ લોકો અને જીલ્લામાં ૨ લોકો કોરોના સામે જંગ હાર્યા



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દિન-પ્રતિદિન કોરોના વાયરસના પોઝેટીવ કેસ નોંધાઈ રહ્યા છે મોડાસા શહેરમાં ૩૯ કોરોના પોઝેટીવ દર્દીઓ માંથી ૫ લોકોના મોત નિપજ્યા છે જેમાં ૪૮ કલાકના સમયગાળામાં ત્રણ લોકોનો મોત નિપજતા લોકોમાં ફફડાટ ફેલાયો છે ભિલોડાના ૭૦ વર્ષીય વૃદ્ધ પણ કોરોના રિપોર્ટ પોઝેટીવ આવ્યાના ગણતરીના કલાકોમાં મોત નિપજતા જીલ્લામાં અત્યાર સુધી ૧૨૦ કોરોનાગ્રસ્ત દર્દીઓમાંથી ૭ લોકો કોરોના સામે જંગ હારી જતા તંત્રમાં દોડધામ મચી છે મોડાસા શહેરની કાર્તિકેય સોસાયટીમાં રહેતા ૭૦ વર્ષીય મહિલા હિંમતનગર સારવાર દરમિયાન કોરોનાથી મોત નિપજતા કન્ટેન્ટમેન્ટ જાહેર કરેલા વિસ્તારમાં જીલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી અને નગરપાલિકા પ્રમુખ અને ટાઉન પોલીસે મુલાકાત લઈ સમીક્ષા કરી હતી . અરવલ્લી જીલ્લા માટે કોરોના પ્રાણઘાતક સાબિત થઈ રહ્યો છે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી સંક્રમણના ભય હેઠળ મોડાસા શહેરમાં કોરોના પોઝેટીવ દર્દીઓની સંખ્યા વધવાની સાથે મૃત્યુ આંક પણ સતત વધી રહ્યો છે મોડાસા શહેરમાં એક યુવાન અને ૪ વૃદ્ધ લોકોને કોરોના ભરખી જતા લોકોમાં કોરોનાની બીમારીએ ફફડાટ ફેલાયો છે છેલ્લા ૨૪ કલાકમાં મોડાસાની ૭૦ વર્ષીય મહિલા અને ભિલોડાના ઘાંટી ગામે અમદાવાદથી આવેલ વૃદ્ધ કોરોનાગ્રસ્ત બન્યાના ગણતરીના કલાકોમાં હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો મોડાસા શહેર સહીત જીલ્લામાં કોરોનાથી સતત થઈ રહેલ મૃત્યુ થી આરોગ્ય વિભાગ ગોથે ચઢ્યું છે જીલ્લામાં મૃત્યુદરમાં સતત થઈ રહેલો વધારો આરોગ્ય તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ લોકો ઉઠાવી રહ્યા છે

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાના ૧૨૦ પોઝેટીવ દર્દીઓમાંથી ૭ લોકોના મોત નિપજ્યા છે જેમાંથી મોડાસા શહેરમાં જ ૫ લોકોને કોરોના ભરખી ગયો છે ત્યારે કોરોનાનો મૃત્યુદર વધતા આરોગ્ય તંત્ર છેલ્લા કેટલાક સમયથી મોત નીપજેલા દર્દીઓને અન્ય ગંભીર બીમારીઓ હોવાથી મોત નીપજ્યું હોવાનું જણાવી રહ્યું છે ત્યારે તંત્ર દ્વારા જાણે કોરોનાથી મોત ને ભેટેલા કમનસીબ મૃતકોના મૃત્યુને કોરોનાથી નહિ પણ અન્ય ગંભીર બીમારીઓના લીધે મોત થયું હોવાનું સાબિત કરવા હવાતિયાં મારી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે ત્યારે હાલ થઇ રહેલા મૃત્યુને કોરોનાથી થયેલ મૃત્યુ સમજવા કે પછી અન્ય કોઈ બીમારીથી મૃત્યુ થયું સમજવું એ સમજવા લોઢાના ચણા ચાવવા જેવું સાબિત થઈ રહ્યું છે

# માણાવદર માં તોફાની પવન સાથે ધોધમાર વરસાદ



માણાવદરમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. આજે સતત બીજા દિવસે વરસાદી વાતાવરણ છવાયું છે અને ભીમ અગીયારસનું મુહુર્ત મેઘરાજાએ સાચવ્યું હોય તેમ માણાવદર માં વરસાદ વરસ્યો છે.

માણાવદરમાં આજે સાંજે પાંચ વાગ્યાથી વાતાવરણમાં જોરદાર પલ્ટો આવ્યો હતો અને આકાશમાં કાળા ડીબાંગ વાદળા છવાઇ ગયા હતા. જોરદાર પવન શરૂ થતા જનજીવનને વ્યાપક અસર શરૂ થઇ હતી. પવનની સાથે વરસાદ વરસતા અમુક જગ્યાએ પતરા ઉડી ગયા હતા

ભારે વરસાદના કારણે ઠંડક પ્રસરી ગઇ હતી અને લોકોને ગરમીમાંથી રાહત મળી છે

તસ્વીર- અહેવાલ :જીજ્ઞેશ પટેલ માણાવદર

# લોકડાઉનમાં ફસાયેલ શ્રમિક સગર્ભાની વણા PHC ખાતે સફળ ડિલિવરી કરાઈ

લખતર તાલુકાના વણા ગામે પરપ્રાંતીય મજદૂર શ્રમિક સગર્ભા મહિલા ને લોક ડાઉન ના હિસાબે પોતાના વતન માં ના જઈ સકતા બજરંગ પૂરા વાળી વિસ્તાર માં ફસાઈ જવા પામેલ મહિના ને વણા phc. ના ડોકટર. સ્ટાફ ની મદદ થી સફળ ડિલિવરી કરાવતા પરિવાર ભાવ વિભોર બની જવા પામેલ . હાલ. વિશ્વ માં કોરોના ની મહામારી ને લીધે દેશ આખા માં લોકો હેરાન પરેશાન છે ત્યારે લખતર તાલુકા ના વણા ગામે PHC. માં. ફરજ બજાવતા ડોકટર રીતુબેન નેભવાણી એક પરપ્રાંતીય સગર્ભા મહિલા માટે ખરેખર ભગવાન સ્વરૂપ સાબિત થવા પામેલ છે. આ. પ્રસંગે એક હિન્દી ફિલ્મ ૩ ઈડીયટ ની સ્ટોરી યાદ આવી જાય તેવો જ પ્રસંગ. વણા PHC. ખાતે. જોવા મળ્યો ..તાલુકા ના બજરંગ પૂરા ના વાડી વિસ્તાર માં રહી મજૂરીકામ કરતા પાસા બેન નામના શ્રમિક મહિલા ગર્ભવતી હોય પોતાના વતન માં જઈ પોતાના બાળક ને જન્મ આપવાની ઈચ્છા હતી પરંતુ લોક ડાઉન ના હિસાબે અને આર્થિક પરિસ્થિતિ ના લીધે તેઓ અહીં જ ફસાઈ જવા પામેલ અને સાથે આં. સગર્ભા મહિલા ના કોઈ જ પ્રકાર ના મેડિકલ રિપોર્ટ ઉપલબ્ધ ના હોવા છતાં પણ જ્યારે આં. મહિલા ને વણા હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલ ત્યારે આં. મહિલા ને પ્રસવ પીડા ઉપડતાં ડોકટર રિતુ બેને તમામ પૂછ પરસ બાદ મહિલા ને તાત્કાલિક સારવાર ની જરૂર હોય પાસા બેન નામની આં. મહિલા ને હોસ્પિટલ માં દાખલ કરી ડોકટર રીતુબેન તથા સ્ટાફ ના ચેતનાબેન ..ભાવનાબેન . ગૌરીબેન . મુકતાબેન. હિતેશભાઈ અને હરેશભાઈ ના. સામૂહિક પ્રયત્નો થી ૩૦. તારીખ ના સાંજે ૭. વાગે સફળ ડિલિવરી કરાવી. એક. ઉમદા કાર્ય. ડોકટર રીતુબેન તથા સ્ટાફે કર્યું હતું આં. બાળક નું વજન ૩. કિલો નું હતું જયારે. ડિલિવરી બાદ. બાળક રોતુ નાં હોય ડોકટરે. મો વડે ઓક્સિજન આપી. અને. થપથપાવી. તેને રડતો કરતા. હોસ્પિટલ માં. આ. બનાવ ને. તાળીઓ નાં. ગડગડાટ થી. વધાવી લેવા માં. આવ્યો હતો. જયારે આં. પ્રસંગે. હિન્દી ફિલ્મ ઊિઢ્ઢેઢં લોકો ને યાદ. આવી જવા પામી હતી લખતર પંથક ના મેડિકલ સ્ટાફ. એ ડોકટર રીતુબેન ની આં. પ્રશંસનીય કામગીરી ને. વધાવી હતી જયારે વણા ગામ ના આગેવાનો રાણા હકુભા તથા રાણા હરપાલસિંહ તથા રાણા ભૂપેન્દ્રસિંહ(ભૂપભા) સહિત ગ્રામજનો યે ડોકટર ની આ. કામગીરી ને. બિરદાવી હતી અને ડોકટર રીતુબેન નો આભાર માન્યો હતો

રિપોર્ટ...અજય પાઠક.

## મેઘરજ પોલીસે રોયણીયા પાસેથી કતલખાને લઇ જવાતા ૫ ગૌવંશને બચાવી લીધું

અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉનની સ્થિતિના પગલે અરવલ્લી જીલ્લા પોલીસ વ્યસ્ત બનતા બુટલેગરો અને કસાસીઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓએ માજા મૂકી છે રાજસ્થાનમાંથી ગેરકાયદેસર પશુઓને મેઘરજના અંતરિયાળ વિસ્તારોમાંથી કસાઈઓ કતલખાને પહોંચાડી રહ્યા હોવાની બાતમી મેઘરજ પીઆઈ જે.પી ભરવાડ ને મળતા મેઘરજ પોલીસે અંતરિયાળ વિસ્તારોના માર્ગો પર સઘન પેટ્રોલિંગ હાથધર્યું હતું રોયણીયા ગામ પાસેથી પીકઅપ ડાલાનો ચાલક પોલીસજીપ જોઈ ડાલુ ભગાવી મૂકી આગળ જઈ ડાલુ મૂકી બે કસાઈઓ રફુચક્કર થતા મેઘરજ પોલીસે પીકપડાલામાં ક્રૂર રીતે ભરેલ ૫ ગૌવંશને બચાવી લઈ ૧.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મેઘરજ પોલીસે હાલમાં લોકડાઉનની સ્થિતિના પગલે મેઘરજ તાલુકામાંથી હેરફેર કરતાં વાહનો ઉપર પોલીસ નજર રાખી રહી છે ત્યારે રોયણીયા ગામ નજીકથી રાજસ્થાન બાજુથી પીકઅપ ડાલુ (ગાડી.નં. જી.જે.૦૧.ઇ.ટી.૯૫૩૪)માં ગેરકાયદેસર ગૌવંશ ભરી પીકપડાલુ પસાર થવાનું હોવાની બાતમી મળતા પોલીસે રોયણીયા ગામના અંતરિયાળ વિસ્તારમાં વોચ ગોઠવી હતી અને વાહનોનું ચેકીગ હાથધરતાં પીકપડાલામાં રહેલ કસાઈઓ મેઘરજ પોલીસની જીપ જોઈ જતા પીકઅપ ડાલુ દોડાવી મૂક્યું હતું અને થોડે દૂર આગળ પહોંચી પીકપડાલુ રોડ પર મૂકી બે કસાઈઓ ફરાર થઇ જતા મેઘરજ પોલીસે પીકઅપ ડાલામાં ગાય-૪ અને બળદ-૧ ને દોરડા વડે મુશ્કેટાટ મરણતોલ હાલતમાં ઘાસચારાની કે પાણીની સગવડ કર્યા વગર ક્રૂરતા પૂર્વક બાંધેલ ૫ ગૌવંશને કતલખાને પહોંચે તે પહેલા બચાવી લઈ પાંજરાપોળ મોકલી આપવા તજવીજ હાથધરી હતી

મેઘરજ પોલીસે પીકઅપ ડાલામાંથી બચાવી લીધેલ ગૌવંશ નંગ-૫ કી.રૂ.૩૫૦૦૦/- તથા પીકઅપ ડાલુ મળી કુલ.રૂ.૧૮૫૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી બે કસાઈઓ વિરુદ્ધ પ્રાણી અત્યાચાર નિવારણ કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# કેશોદ પંથકમાં વાવાઝોડા નાં ડરથી કાચી કેરી બજારમાં ઉભરાઈ ત્યારે પકવવા કાર્બેટરનો થતો ઉપયોગ




કેશોદ: (રાજુભાઈ પંડ્યા)

સૌરાષ્ટ્ર નાં દરિયા કિનારે હિકા નામનું વાવાઝોડું આવવાની હવામાન વિભાગે આગાહી કરી છે ત્યારે કેરીના બગીચા રાખનારા દ્વારા કેરી વેળવાનુ ચાલુ કરી દેતાં બજારમાં કેરીની ધુમ આવક થયેલી છે. ગીર વિસ્તારની કેસર કેરી સમગ્ર વિશ્વમાં લોકપ્રિય છે પરંતુ કોરોના વાયરસ નાં કારણે પરપ્રાંતીય રાજયો માં વાહનવ્યવહાર ખોરવાયો છે અને ટ્રાવેલ્સ એજન્સીઓ બંધ છે જેથી ઉત્પાદિત કેરી સૌરાષ્ટ્ર ની બજારોમાં ઠલવાઈ છે. ફ્રુટ નાં વેપારીઓ દ્વારા કાચી અને નાની કેરીને પકવીને વેંચવા માટે માણસનાં આરોગ્ય ને હાનીકારક કાર્બેટરનો ઉપયોગ કરી તાત્કાલિક કેરી પકવી વેચવાનું મસમોટું કોભાંડ તંત્રની મીઠી નજર તળે ચાલી રહ્યું છે. નગરપાલિકા વિસ્તારમાં જુદા-જુદા વિસ્તારોમાં આવેલા ગોડાઉનમાં કાર્બેટરનો ઉપયોગ કરી કેરી પકવી નાંખતા વેપારીઓ ને કાયદાનો ખોફ નથી. કાર્બેટરનો આડેધડ કરવામાં આવતાં ઉપયોગ પછી જાહેરમાં ગમે ત્યાં ફેંકવામાં આવે છે ત્યારે નિર્દોષ મુંગા પશુઓ કેરીની સુગંધ થી ખોરાક મળ્યાનું માની ઝેર ખાતાં મોતને ભેટે છે. કેશોદ શહેરમાં કેરીના વ્યવસાયમાં સંકળાયેલા વેપારીઓ પર નગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા ચેકીગ હાથ ધરી જીવલેણ કેરીનો જથ્થો નાશ કરવાને બદલે તપાસ પણ કરવામાં આવતી નથી. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ ની મહામારી નો હાહાકાર છે અને લોકો સાવચેતી રાખી જીવી રહ્યાં છે ત્યારે કેશોદ પંથકમાં કાર્બેટરથી પકાવેલી કેરીના ધુમ વેચાણ થી લોકોનાં આરોગ્ય પર જોખમ ઉભું થયું છે. કેશોદ નગરપાલિકા નાં અધિકારીઓ અને પદાધિકારીઓ સુફિયાણી વાતો કરવાને બદલે કેશોદ શહેરના રહીશો નાં આરોગ્ય ની ચિંતા કરી નક્કર કાર્યવાહી કરશે ખરાં...!

## મોડાસા: લોકડાઉનની કપરી સ્થિતિમાં પણ રિક્ષાવાળા ઈમાનદારી ન ડગી

# મહિલાને બે મહિનાની શોધખોળ બાદ સોનાની કડી સાથે પાકિટ પરત કર્યું



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાઈરસને લઈને સમગ્ર દેશમાં લોક ડાઉન હતું, આવા સમયમાં નાના અને મધ્યમ વર્ગના પરિવારો માટે કપરો સમય હતો, પણ આવા સમયમાં મોડાસામાં રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા રિક્ષા ચાલક ઈમાનદારીની મિસાલ બન્યા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસામાં બે માસ પૂર્વે કોલેજિયન યુવતી સલીમભાઈની રિક્ષામાં બેઠી હતી. મોડાસા કોલેજ નજીકથી યુવતી રિક્ષામાં બેઠા બાદ તે બસ સ્ટેશન જવા માટે નિકડી હતી. યુવતીનું સ્ટેશન આવતા તે ઉતરી ગઈ અને સલીમભાઈ પોતાની બીજી સવારી માટે તેઓ પોતાના રિક્ષા સ્ટેન્ડ પર પહોંચી ગયા. ત્યારબાદ રિક્ષા એક બાજુ મૂકી સાફ કરી રહયા હતા આ અરસામાં સલીમભાઈને રિક્ષામાંથી એક પાકીટ મળ્યું, જેમાં કેટલાક રોકડ નાણાં તેમજ સોનાની બે કડી હતી. રિક્ષામાંથી પાકિટ મળતા સલીમભાઈ તુરંત જ બસ સ્ટેશન બાજુ ગયા અને યુવતીને શોધવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેઓ મળ્યા નહીં.પાકિટમાં રહેલ ફોટાના આધારે સલીમભાઈએ યુવતીની શોધ ચાલુ રાખી તેવામાં લોક ડાઉન શરૂ થયું. લોક ડાઉન હોવા છતાં પણ સલીમભાઈ તેમના પ્રયત્નો ચાલુ રાખ્યા. આ દરમ્યાન તેમને કોલેજના એક શિક્ષક જુનેદ સાબલિયા તેમજ બેન્કમાં કામ કરતા એક અરબાઝભાઈનો સંપર્ક કરી બધી માહિતી આપી હતી. આ બન્ને વ્યક્તિઓએ પોતાના સંપર્ક થકી પાકીટવાળા બેનને શોધી કાઢ્યા.

આખરે યુવતીની શોધખોળ થતાં તેઓ બાયડના હોવાનું જાણવા મળ્યું અને તેમનું નામ સપના બહેન ભરવાડ હતું. સપનાબહેન પણ પાકિટને લઈને ખૂબ ચિંતામાં હતા, અને પણ તેમનું પાકિટ મળી ગયું હોવાની વાત મળતા તેઓ ઘણાં જ ખુશ થયા હતા. તેઓની તબિયત સારી ન હોવાથી પાકીટનો કબજો લેવા માટે તેમના માસા આવ્યા હતા, અને પાકિટના મલિક અંગેની ખરાઈ કરી સલીમભાઈએ પાકીટ સપના બહેનના પરિવારજનના સભ્ય કરણભાઈને સોંપ્યું હતું. સલીમભાઈ ભલે રિક્ષા ચલાવીને તેમના પરિવારનું ગુજરાન ચલાવતા હતા, પણ તેમની ઈમાનદારીની હાલ તેઓ ઈમાનદારીની મિસાલ બની ગયા છે. આવા કપરા સમયમાં પણ તેઓ યુવતીની શોધખોળ કરીને સોનાની કડી સાથેનું પાકિટ પરત કરીને સાચા કોરોના વોરિયર્સ બની ગયા છે.

# યુજીવીસીએલના કર્મચારીનો વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો

મોટી ઈસરોલ, તા.૨

અરવલ્લી જિલ્લાના પાલ્લા ખાતે આવેલા સબ સ્ટેશન માં યુજીવીસીએલના કર્મચારી શ્રી બાબુભાઈ ની ૩૭ વર્ષની સેવા બાદ નિવૃત્ત થતાં તેઓનો વિદાય સમારંભ સબ સ્ટેશન માં સોશીયલ ડિસ્ટન્સ જાળવી યોજાયો હતો તેમાં જિલ્લા ભાજપના મંત્રી શ્રી ગજાનંદભાઈ પ્રજાપતિ એ એમના કાર્યો ને બિરદાવી તમામ યુજીવીસીએલ ના કર્મચારીઓનો કોરાનાના કપરા સમય માં કરેલ કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે યુજીવીસીએલ ના જુ. ઈજનેર શ્રી વાણિયા , સરપંચ શ્રી શંભુભાઇ મકવાણા , શ્રી મોહનભાઈ પંચાલ તથા આજુબાજુના ગામના પ્રતિષ્ઠિત નાગરિકો ઊપસ્થિત રહ્યા હતા .

# પાલનપુરમાં કોરોનાના શંકાસ્પદ દર્દીના મોત બાદ મૃતદેહ સ્મશાન બહાર બે કલાક રઝળ્યો

## આરોગ્ય તેમજ પોલીસના કર્મચારીઓને મૃતદેહ સાથે સ્મશાનનું તાળું ખોલવા માટે રાહ જોવી પડી




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં કોરોનાનો શંકાસ્પદ દર્દી સારવાર લઇ રહ્યો હતો. દરમિયાન તેનું આજે મોત નિપજતાં તેના મૃતદેહને દફનવિધિ માટે સ્મશાન ખાતે લઈ જવાયો હતો. જો કે સ્મશાન બંધ હોઈ અને દરવાજો ખોલવા માટે કોઈ તૈયાર ન હોવાથી આરોગ્ય તેમજ પોલીસના જવાનોને મૃતદેહ સાથે સ્મશાનના દરવાજાની બહાર જ તાળું ખોલવાની રાહ જોઈ બેસી રહેવું પડ્યું હતું અને બે કલાક જેટલા સમય સુધી મૃતદેહ રઝળ્યો હતો.

સમગ્ર રાજ્યમાં ચાલી રહેલી કોરોના વાયરસની મહામારી દરમિયાન જાણે માનવતા પણ મરી પરવારી હોય તેવી ઘટનાઓ સામે આવી રહી છે. તેમાં કોરોનાના શંકાસ્પદ દર્દીઓને સ્મશાનમાં પણ દફનવિધિ કરવા માટે આનાકાની કરવામાં આવી રહી હોવાની રાવ ઉઠવા પામી છે. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા શંકાસ્પદ દર્દીના મોત બાદ આજે સ્મશાન ખાતે દફનવિધિ માટે લઇ જવામાં આવેલ હતો. જોકે ત્યાં તેની લાશ રઝળી હતી. આ અંગે સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર મૂળ રાજસ્થાનના સાચોર નો વતની અને પાલનપુરમાં ધંધાર્થે રહેતા આ વ્યક્તિને કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાતાં પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને તેનો રિપોર્ટ પણ હજુ સુધી આવવાનો બાકી છે. ત્યારે સારવાર દરમિયાન તેનું આજે મોત નિપજતાં મૃતકને દફન વિધિ માટે સ્મશાન ખાતે લઈ જવામાં આવ્યો હતો. જો કે સ્મશાનના દરવાજાને તાળુ મારેલ હોઈ આ બાબતે જવાબદાર લોકોને જાણ કરવા છતાં દરવાજાનું તાળું ખોલવામા ના આવતા આરોગ્ય તેમજ પોલીસ કર્મીઓએ મૃતદેહ સાથે જ દરવાજાની બહાર બે કલાક સુધી રાહ જોવી પડી હતી. ઉલ્લેખનીય છે કે કોરોનાની મહામારી દરમિયાન ક્યાંકને ક્યાંક લોકોમાં ભયનો માહોલ એટલી હદે પ્રસરી ગયો છે કે કોરોનાના દર્દીનું નામ પડતાની સાથે જ લોકો તેની પાસે જતાં પણ સો વાર વિચારતા હોય છે. ત્યારે ઉપરોક્ત કિસ્સામાં પણ દર્દીના મૃતદેહને આ કારણથી જ રઝળપાટ કરવો પડ્યો હોવાનું કહેવાઇ રહ્યુ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.